

## તિલકના પગ

– સાંકળચંદ પટેલ

ટીલડી ઝરણાની જેમ ખેલતી–કૂદતી શાળામાંથી ઘેર આવી. દફતર ટેબલ પર મૂકીને મમ્મીની પાસે આવી ગઈ : ''મમ્મી, મમ્મી ! એક વાત કહું ?''

''કહે.''

''અમારી શાળામાં એક વિદ્યાર્થી ભણે છે. એનું નામ તિલક.''

''હા, તે એવા તો ઘણા વિદ્યાર્થી ભણતા હશે.''

''એવું નહિ મમ્મી ! તિલક બધાંથી જુદો છે.''

''જુદો કેવી રીતે ?''

''અમારા આચાર્યસાહેબે એને ખુરશીમાં બેસાડયો, પ્રાર્થનામાં.''

''કેમ ?''

''અને ગામના સરપંચે એને તિલક કરીને ઈનામ આપ્યું.''

''ઈનામ ?''

''હા મમ્મી તિલક અપંગ છે ! પગે ઘસડાઈને ચાલે છે ! એ પહેલા નંબરે પાસ થાય છે !''

''વાહ ! આ તો નવાઈની અને આનંદની વાત કહેવાય !''

''મમ્મી ! અમારા આચાર્યસાહેબે કહ્યું હતું – તિલક ત્રણ વર્ષની ઉંમર સુધી તો સારો હતો. ચાલતો–દોડતો હતો. એવામાં એને સખત તાવ આવ્યો ને એને પોલિયો થઈ ગયો. મમ્મી ! પોલિયો એટલે શું થાય ? ''

‘‘જો ટીલડી ! પોલિયો એક રોગ છે, બચપણમાં એ થાય છે. કોઈ રોગના કારણથી મગજની નસ પર અસર થાય છે, એથી પોલિયો થઈ જાય છે. પરંતુ હવે પોલિયોનાં ટીપાં પિવડાવવાથી એ રોગ થતો નથી.’’

‘‘મમ્મી ! અમારી શાળાના બધા વિદ્યાર્થીઓ સમજદાર છે. કોઈને શરીરની ખોડ હોય, તો તેના પર હસવાનું નહિ, મજાક કરવાની નહિ અને તેને ખિજવવાનું પણ નહિ. તિલકને આવું વાતાવરણ ગમી ગયું, અને તે શાંતિથી ભણવા લાગ્યો. છેલ્લાં ત્રણ વર્ષોથી તે પ્રથમ નંબરે આવે છે. ઈતર પ્રવૃત્તિઓમાં પણ તેનો નંબર હોય છે.’’‘

‘ટીલડી ! તેં અષ્ટાવક્રનું નામ સાંભળેલું છે ? તેનાં આઠેય અંગ વાંકાં હતાં. પણ તે બહુ બુદ્ધિમાન હતો. સભાઓમાં મોટા–મોટા વિદ્વાનોને પણ તે હરાવતો હતો. તેણે લખેલ ‘અષ્ટાવક્રગીતા’ પ્રસિદ્ધ છે. ’’

હા મમ્મી ! આ તિલક પણ અષ્ટાવક્ર જેવો જ છે.

‘‘હા, પછી તારા સાહેબે બીજું શું કહ્યું, તિલકના જીવન વિશે ?’’

‘‘સાહેબે કહ્યું કે તિલક આપણી શાળાનું ગૌરવ છે. તે આપણી શાળાનું નામ ઉજ્જવળ કરશે, એનો મને ભરોસો છે. આપણે પણ તેને મદદરૂપ થવાનું છે.....!’’

‘‘કેવી રીતે ?’’ સરપંચે વચમાં પૂછ્યું હતું.

‘‘આપણે તિલકને કૃત્રિમ પગ (પોલિયો કેલિપર) લાવી આપીશું તેનાથી એ ચાલી શકશે. હવે પોલિયોના દર્દીઓ માટે કેલિપર મળે છે. એ થોડા મોંઘા છે, પણ સહકારથી એ કામ પણ થઈ જશે...’’

‘‘ટીલડી !’’ વચ્ચેથી એને અટકાવીને મમ્મીએ કહ્યું : ‘‘ટીલડી ! તું એક કામ કર. તારા સરને કહેજે કે કેલિપરનું ખર્ચ હું આપીશ. તિલકને પોલિયો કેલિપર લાવી આપો. મારી મમ્મીએ હા પાડી છે.’’

ટીલડી ખુશખુશાલ થઈને ઊછળવા લાગી :

‘‘મારી મમ્મી મહાન રે લોલ !’’

જનનીની જોડ ન મળે રે લોલ !’’

■